પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૨૩ | ૧૨ જુલાઈ, ૨૦૧૮, ગુરૂવાર; નિજ. જેઠ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**પતંજલિ હવે દૂધ-દહીં-પનીર વેચશે**

યોગ ગુરૂ બાબા રામદેવની કંપની હવે ડેરી સેકટરમાં ઉતરી રહી છે. કંપની પોતાના દૂધ, દહીં, પનીર જેવા ઉત્પાદનો ટૂંક સમયમાં દિલ્હી, રાજસ્થાન, હરિયાણા અને મહારાષ્ટ્રમાં લોન્ચ કરશે.

**દિલ્હીમાં મધ્યાહન ભોજન ખાધા બાદ બાળકો બીમાર**

દિલ્હીની નરેલા સરકારી શાળામાં મધ્યાહન ભોજન ખાધા બાદ ૨૬ બાળકોની તબીયત એકાએક લથડી હતી. બાળકોને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

**ગ્રેનેડ ફાટતા જમ્મુ-કાશ્મીરમાં બાળકનું મોત**

જમ્મુ-કાશ્મીરના શોપિયાં વિસ્તારમાં ગ્રેનેડથી ચાર બાળકો રમી રહ્યા હતા જે ફાટતા એક બાળકનું મોત થયું છે. એક દિવસ અગાઉ અહીં એન્કાઉન્ટર થયું હતું તે સમયે ગ્રેનેડ અહીં રહી ગયો હતો.

**પત્નીને અપાયેલી ભેટ પર ટેક્સ છૂટ આપો : મેનકા**

મહિલા અને બાળ વિકાસ મંત્રી મેનકા ગાંધીએ નાણામંત્રી પિયુષ ગોયલને પત્ર લખીને એવો આગ્રહ કર્યો છે કે આવકવેરા કાયદામાં ફેરફાર કરી પત્ની અને પુત્રવધૂને અપાયેલી ભેટથી થનારી આવકને પતિની નોંધાયેલી આવકમાં નહીં જોડવાનો નિયમ બનાવવાની માગ કરી છે. સાથોસાથ એવી પણ માગ કરી છે કે તેના પર લાગનારા ટેક્સમાંથી પણ છૂટ મળવી જોઈએ.

# ખેડૂતોએ દેશને અન્નભંડારથી ભરી દીધો છે : મોદી

**વડાપ્રધાને પંજાબના મલોટમાં ખેડૂત રેલીને સંબોધી : જ્યારથી એમએસપી વધારી ત્યારથી કોંગ્રેસની ઊંઘ હરામ થઈ ગઈ કોંગ્રેસે ખેડૂતોને ફક્ત દગો આપ્યો : દેશમાં અત્યાર સુધી ૧૫ કરોડથી વધુ સોઇલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું : મોદી**




મલોટ,તા.૧૧


૨૦૧૯ની લોકસભા ચૂંટણી ધ્યાનમાં રાખીને ભારતીય જનતા પાર્ટીએ હવે કમર કસી લીધી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીમાં કેન્દ્ર સરકાર હવે સીધી સામાન્ય જનતા સાથે જોડાઈ રહી છે. પીએમ મોદીએ આજે પંજાબના મલોટમાં ખેડૂત રેલીને સંબોધન કર્યું. વડાપ્રધાને તેમના સંબોધનની શરૂઆત પંજાબી ભાષામાં કરી. મોદીએ કહ્યું કે શીખ સમુદાય આજે સરહદની રક્ષા હોય કે પછી ખાદ્યસુરક્ષા, દરેક જગ્યાએ પ્રેરણા આપી છે. પંજાબે હંમેશાં પોતાના પહેલા દેશ માટે વિચાર્યું છે. મોદીએ કહ્યું કે, અમે દોઢગણી એમએસપી આપવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો અને જ્યારથી સ્જૌં વધારી છે ત્યારથી કોંગ્રેસની ઊંઘ હરામ થઈ ગઈ છે. પીએમ મોદીએ કોંગ્રેસની ટિકા કરતાં કહ્યું કે ૭૦ વર્ષોનો ઈતિહાસ જણાવે છે કે આટલા વર્ષોમાં અગાઉની સરકારે ખેડૂતોની નહિ પરંતુ માત્ર એક જ પરિવારની ચિંતા કરી છે.

મોદીએ કહ્યું કે, "છેલ્લા ૪ વર્ષોમાં ખેડૂતોએ દેશને અન્નભંડારથી ભરી દીધો છે. ઘઊં-ધાન-ખાંડ-કપાસ-દાળ દરેકમાં ખેડૂતોએ ઉત્પાદનના રેકોર્ડ તોડી નાખ્યા છે. છેલ્લાં ૪ વર્ષોમાં જે રીતે દેશના ખેડૂતોએ વિક્રમી

● અનુસંધાન પાન-૭ પર

## ભારત વિશ્વની છઠ્ઠા નંબરની મોટી અર્થવ્યવસ્થા બની

**ભારતનું અર્થતંત્ર ૨.૫૯ ટ્રિલિયન ડોલરે પહોંચ્યું, હવે ભારતથી વધુ ગરીબ નાઇજીરિયામાં ૨૦૧૮માં ભારતનું અર્થતંત્ર ૭.૩ ટકા અને ૨૦૧૯માં ૭.૫ ટકાના વૃદ્ધિદરથી વધશે**




જિનિવા, તા.૧૧

વર્લ્ડ બેંકના જણાવ્યા પ્રમાણે, ભારત દુનિયાનું છઠ્ઠું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું છે. ભારતે ફ્રાન્સને પાછળ છોડી દીધું છે. ફ્રાન્સનું અર્થતંત્ર ૨૦૧૭માં ૨.૫૮ ટ્રિલિયન ડોલર (૧૭૭ લાખ કરોડ રૂપિયા) હતું. ભારતનું અર્થતંત્ર તેનાથી વધુ ૨.૫૯ ટ્રિલિયન ડોલર (૧૭૮ લાખ કરોડ રૂપિયા) થયું. ભારતના એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસના મામલે આંધ્રપ્રદેશ સતત બીજીવાર ટોપ પર છે.

ભારતની વસ્તી જ્યાં ૧૩૪ કરોડ, ફ્રાન્સની વસ્તી ૬.૭ કરોડ છે છે. વર્લ્ડ બેંકના જણાવ્યા પ્રમાણે, તેનું મહત્વ એ છે કે ભારતની સરખામણીએ ફ્રાન્સમાં દરેક વ્યક્તિની આવક ૨૦ ગણી વધુ છે.

વર્લ્ડ બેંકના ગ્લોબલ ઈકોનોમિક્સ પ્રોસ્પેક્ટ્સ રિપોર્ટ પ્રમાણે, નોટબંધી અને જીએસટી પછી આવેલી મંદીમાંથી ભારતનું અર્થતંત્ર બહાર આવી રહ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

# સરકાર તાજ મહેલને સંરક્ષણ આપે : સુપ્રીમ

ન્યુ દિલ્હી,તા.૧૧

સુપ્રીમ કોર્ટે તાજ મહેલને લઈને સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને ફટકાર લગાવી છે. કોર્ટે કહ્યું કે, તાજને સંરક્ષણ આપો અથવા બંધ કરો કે ધ્વંસ કરી દો. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, એફિલ ટાવરને જોવા ૮૦ મિલિયન લોકો આવે છે, જ્યારે તાજ મહેલને જોવા મિલિયન.

કોર્ટે કહ્યું તમે તાજ મહેલને લઈને ગંભીર નથી અને ના તો તમને તેની પરવા છે. આપણો તાજ વધારે સુંદર છે અને તમે પ્રવાસીઓને લઈને ગંભીર નથી. આ દેશનું નુંકસાન છે, તાજ મહેલને લઈને ઘોર ઉદાસીનતા છે.

સુપ્રીમે કહ્યું કે, જો ધ્યાન રાખવામાં આવ્યું હોત તો વિદેશી હૂંડિયામણની મુશ્કેલી દુર થઈ શકી હોત. સુપ્રીમે ફરી સવાલ ઉભો કર્યો

**સંરક્ષણ આપો અથવા બંધ કરો કે ધ્વંસ કરો : એફિલ ટાવરને જોવા ૮૦ મિલિયન લોકો આવે છે જ્યારે તાજમહેલને જોવા મિલિયન લોકો જ આવે છે : સુપ્રીમ કોર્ટ**

● અનુસંધાન પાન-૭ પર



## રાજ્યસભાના સાંસદો હવે ગૃહમાં પોતાની માતૃભાષામાં બોલી શકશે

ન્યુ દિલ્હી,તા.૧૧

રાજ્યસભાના 'માનનીયો' હવે પોતાની માતૃભાષામાં સદનની કાર્યવાહીમાં ભાગ લઈ શકશે. હવે તેઓને પોતાની વાત કહેવામાં ભાષા અવરોધપ નહીં બને. ૧૮ જૂલાઈથી શરુ થઈ રહેલા સંસદના ચોમાસું સત્રથી તેની શરુઆત થઈ જશે. બંધારણની આઠમી અનુસૂચિમાં નોંધાયેલી તમામ ૨૨ ભાષાઓમાં રાજ્યસભા સભ્ય પોતાની ભાષામાં વાત કહી શકશે. રાજ્યસભા સચિવાલયે આ અંગે સંપૂર્ણ બંદોબસ્ત કરી લીધો છે.

સદનમાં ચર્ચા દરમિયાન હાલ ૧૭ ભાષાઓના જ ટ્રાન્સલેટર ઉપલબ્ધ હતા પરંતુ રાજ્યસભાના સભાપતિના નિર્દેશ પર પાંચ અન્ય ભાષાઓના ટ્રાન્સલેટરોની પણ નિયુક્તિ કરી લેવામાં આવી છે. આ ભાષાઓમાં ડોગરી, કાશ્મીરી, કોંકણી, સંથાલી અને સિંધી પ્રમુખ છે. એમ.વેંકૈયા નાયડુએ સભાપતિ પદ સંભાળતાની સાથે જ આ અંગે

● અનુસંધાન પાન-૭ પર

## થાઈલેન્ડ ગુફામાં ફસાયેલા ૧૨ બાળકોને બચાવવામાં ભારતીયની મહત્ત્વની ભૂમિકા



બેંગકોક,તા.૧૧

થાઈલેન્ડની ગુફામાં છેલ્લાં કેટલાંક દિવસોથી ફસાયેલા ૧૨ બાળકો અને ૧ કોચને ઘણી મહેનત પછી અંતે મંગળવારે સુરક્ષિત બહાર કાઢવામાં સફળતા મળી છે. જો કે આ મોટા ઓપરેશનમાં ભારતીય કંપનીએ પણ પોતાનું સર્વશ્રેષ્ઠ યોગદાન આપ્યું છે. પૂણેની કંપનીના વિશેષજ્ઞોએ થાઈલેન્ડની ગુફામાં ફસાયેલા ફુટબોલ ટીમના બચાવ અભિયાનમાં ટેકનિકલ સપોર્ટ આપીને મોટું યોગદાન આપ્યું હતું.

થાઈલેન્ડની ગુફામાં ફુટબોલ ટીમના ૧૨ બાળકો અને તેના કોચનો જીવ બચાવવામાં મહારાષ્ટ્રના સાંગલી જિલ્લાના કિર્લોસ્કર બ્રધર્સ લિમિટેડ કંપનીના ડિઝાઈનિંગ એન્જિનિયર પ્રસાદ કુલકર્ણીની પણ મહત્વની ભૂમિકા છે.

● અનુસંધાન પાન-૭ પર

## શ્રદ્ધાળુઓ આગામી એક વર્ષ અમરનાથ યાત્રા મોકૂફ રાખે : શ્રીશ્રી રવિશંકર

ન્યુ દિલ્હી,તા.૧૧

તાજેતરની કરુણાંતિકા અને અમરનાથ યાત્રીઓની સુરક્ષાને ધ્યાનમાં લઈને આર્ટ ઓફ લિવિંગના પ્રણેતા શ્રીશ્રી રવિશંકરે અમરનાથ યાત્રા કરનાર શ્રદ્ધાળુઓને આગામી એક વર્ષ સુધી યાત્રા સ્થગિત કરવા સલાહ આપી છે. શ્રીશ્રી રવિશંકરે એક નિવેદન જારી કરીને સલાહ આપી છે કે ભારે વરસાદ અને ભૂસ્ખલનના કારણે પવિત્ર ગુફા તરફ જતા બાલતાલ અને પહેલગામ બંને માર્ગોમાં અવરોધો ઊભા થયા છે અને નજીકના ભવિષ્યમાં યાત્રા માટે આ માર્ગ યોગ્ય થવાની શક્યતા નથી. આથી સુરક્ષાને ધ્યાનમાં રાખીને શ્રદ્ધાળુઓ આગામી વર્ષ સુધી પોતાની યાત્રા મોકૂફ રાખે.

આધ્યાત્મિક ગુરુ શ્રીશ્રી રવિશંકર અમરનાથ શ્રાઈન બોર્ડના સભ્ય પણ છે. શ્રાઈન બોર્ડના ચેરમેન રાજ્યપાલ એન. એન. વોરા છે. શ્રાઈન બોર્ડના સભ્યો અને સીમા સુરક્ષાદળના તમામ સભ્ય દ્વારા શક્ય તમામ પ્રયાસો કરવા છતાં બંને રૂટ હજુ અવરોધાયેલ છે અને આ રૂટ પર નજીકના ભવિષ્યમાં સુધારો થવાની કોઈ શક્યતા જણાતી નથી.

જે અમરનાથ યાત્રાળુઓ પહેલાંથી ત્યાં પહોંચી ગયા છે તેમને પણ ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

# દિલ્હીમાં સ્કૂલની બાળકીઓને ફી ન ભરતાં બેઝમેન્ટમાં બંધક બનાવી

**૧૬ બાળકીઓને ૪૦ ડિગ્રી તાપમાનમાં પાંચ કલાક ભૂખી-તરસી ગોંધી રાખી : જૂન મહિનાની ફી જમા કરવામાં મોડું કર્યું તેથી બાળકીઓને સજા : સ્કૂલ વિરુદ્ધ એફઆઈઆર નોંધાઈ**

ન્યુ દિલ્હી,તા.૧૧

દિલ્હીની રાબિયા ગર્લ્સ પબ્લિક સ્કૂલમાં ફી નહીં ભરી હોવાથી ૫થી ૮ વર્ષની ૧૬ છોકરીઓને બેઝમેન્ટમાં ૫ કલાક સુધી બંધ રાખવામાં આવી હતી. પેરેન્ટ્સે જણાવ્યું કે, બપોરે ૧૨.૩૦ વાગે જ્યારે છોકરીઓને સ્કૂલ લેવા ગયા ત્યારે ખબર પડી કે ૫૯ બાળકીઓ ક્લાસમાં જ નહતી. ટીચર્સને પૂછ્યું ત્યારે ખબર પડી કે, ફી ન ભરી હોવાથી છોકરીઓની હાજરી પણ પૂરવામાં આવી નથી. તેમને બેઝમેન્ટમાં આવી નથી. તેમને બેઝમેન્ટમાં રાખવામાં આવી છે. સ્કૂલના હેડ ફરાહ દીબા ખાનના કહેવાથી છોકરીઓને બેઝમેન્ટમાં રાખી હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે ફરિયાદ નોંધી લીધી છે.

વાલીઓના જણાવ્યા પ્રમાણે છોકરીઓને બેઝમેન્ટમાં નીચે ફ્લોર ઉપર બેસાડવામાં આવી હતી. ત્યાં પંખો પણ નહતો. દરેક છોકરીઓ ગરમી અને ભૂખથી પરેશાન હતી. અમુક વાલીઓએ તો એવી પણ ફરિયાદ કરી છે કે, છોકરીઓને પાંચ કલાક સુધી વોશરૂમ પણ નહતી જવા દેવામાં આવી. વાલીઓએ જ્યારે હેડ ફરાહ ખાનને ફરિયાદ કરી ત્યારે તેમણે છોકરીઓનું એડ્મિશન રદ કરી દેવાની પણ ધમકી આપી હતી. ખાનના જણાવ્યા પ્રમાણે જે છોકરીઓએ ફી નહતી ભરી તે બાળકીઓને અહીં રાખવામાં આવી હતી. પેરેન્ટ્સના જણાવ્યા પ્રમાણે તેમણે સપ્ટેમ્બર સુધીની ફી ભરી દીધી છે. એક બાળકીના માતા-પિતાએ તો મીડિયાને ચેક પણ બતાવ્યો હતો. બીજી બાજૂ સ્કૂલ પ્રશાસને કહ્યું કે, તે બેઝમેન્ટ નથી. એક્ટિવિટી રૂમ છે અને તેમાં લાઈટ-પંખાની વ્યવસ્થા પણ છે.



વાલીઓના જણાવ્યા પ્રમાણે બાળકીઓને ૪૦ ડિગ્રી ગરમીમાં ભૂખી-તરસી રાખવામાં આવી હતી. છોકરીઓ પણ બપોર થવાની રાહ જોતી હતી જેથી તેમના

● અનુસંધાન પાન-૭ પર


**ભાડે આપવાના છે.**

ટેનામેન્ટ — પહેલો માળ, ફેમિલી માટે, સે.૪.

ફ્લેટ — 2/3BHK શ્યામ શુકન, PDPU રોડ, ફેમિલી માટે

**ભાડે જોઈએ છે.**

બેચલર્સ/ફેમિલી (TCS/Bank)માટે

ફ્લેટ/ટેનામેન્ટ (ગ્રા.ફ્લોર/ફસ્ટ ફ્લોર) ૯૦મી - ૩૩૦મી માં સે.૧ થીટ ગાંધીનગર તથા ન્યુ ગાંધીનગર

THE SPACE ✆93288 01440, 93287 01440

**જોઈએ છે**

કોમ્પ્યુટર હાર્ડવેર રીપેરીંગ, લેન નેટવર્કીંગ, કોમ્પ્યુટર સર્વર સ્ટોરેજનું કામ કરનાર અનુભવી વ્યક્તિઓ તથા સીસીટીવી કેમેરા અને વાયરીંગ કામના રસ ધરાવતા અનુભવી વ્યક્તિઓએ નીચે દર્શાવેલ ઈમેલ પર બાયોડેટા મેઈલ કરવો.

aryacommunication111@gmail.com

પગાર : અનુભવને આધારે - ૯૫૦૦ થી ૨૫૦૦૦

**આર્ય કોમ્યુનિકેશન**

૨૪, શ્રી ફગતિ કોર્પોરેટ પાર્ક, નેક્સ શો-રૂમ પાસે, કુડાસણ, ગાંધીનગર

ફોન : ૦૭૯- ૨૩૨૦૩૦૦૫

**ROOPKALA**

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય



ADMISSIONS OPEN

AFTER 4 YEARS AN ENGINEER.

AT 40 YEARS A SUCCESS STORY.

JOIN GIT BE • ME • MBA

Bachelor of Engineering (B.E.)
- Mechanical Engineering
- Computer Engineering
- Information Technology
- Civil Engineering
- Electrical Engineering
- Electronics & Communication Engineering

Post Graduation Courses (M.E. / MBA)
- Mechanical Engineering
  - Thermal Engineering
  - CAD / CAM
- Computer Engineering
  - Software Engineering
- Master of Business Administration (MBA)
  - Marketing, Finance, Human Resource, IS

Awards & Achievements
- Awarded as best Engineering College for providing best placement to the students by ASSOCHAM
- Awarded by 94.3 MY FM for "Excellence in Faculty (Eng. & Technology)"
- Institute is Three star super resource center for spoken tutorial project of IIT-Bombay funded by MHRD, Govt. of India.
- Awarded by GTU for creating student innovation & Start-up Ecosystem on campus

For BE in Civil, Mechanical, Electrical, Electronics & Communication Engineering & Diploma to Degree (All Branches)
- FRC Approved Fees : ₹ 62,000 per year
- Scholarship : ₹ 12,100 per year
- Effective Fees : ₹ 49,900 per year

GANDHINAGAR INSTITUTE OF TECHNOLOGY
Khatraj-Kalol Road, Moti Bhoyan, Ta. Kalol, Dist. Gandhinagar - 382721.
9904405900, 9904405901 director@git.org.in www.git.org.in